# ઓબ્સ્ટ્રેક્ટિવ સ્લીપ એપનિયા પર વર્કશોપ યોજાયો

કેટલાંક લોકો એવું સમજતા હોય છે કે નસકોરા બોલવા એટલે બહુ સામાન્ય બાબત છે. પણ તેઓને આ વાતની ગંભીરતાનો એટલો બધો ખ્યાલ હોતો નથી. પરંતુ નસકોરા ક્યારેક હાર્ટ અટેક જેવી ગંભીર તકલીફ ઉભી કરી શકે છે. એક સર્વે મુજબ ૧૦ કરોડથી વધુ લોકોને પ્રસંગોપાત નસકોરા બોલે છે. મોટાભાગના લોકો માટે આ પરિસ્થિતિ ભયજનક કરતાં પજવણીરૂપ બની રહે છે. જો આની સારવાર ના કરવામાં આવે તો સમયની સાથે એ ગંભીરરૂપ પણ ધારણ કરી શકે છે અને કેટલાંક કિસ્સામાં નસકોરા બોલવા એ 'ઓબ્સ્ટ્રેક્ટિવ સ્લીપ એપનિયા' અર્થાત અવરોધક ઊંઘ શ્વસન અવ્યવસ્થા નામના ગંભીર રોગની ચેતવણી રૂપ બની રહે છે. ઊંઘમાં શ્વસન ક્રિયા દરમિયાન થતી ગેરવ્યવસ્થા અને નસકોરા બોલવા વગેરે જેવી સમસ્યાઓના પૃથ્થકરણ માટે એક તાલીમ વર્કશોપનું આયોજન સાલ હોસ્પિટલના ડૉ. મનીષ ગોયલ અને વાડીલાલ સારાભાઇ હોસ્પિટલના ઈએનટી વિભાગ દ્વારા યોજવામાં આવ્યું હતું. આ



વી. એસ. હોસ્પિટલ ખાતે સ્લીપ એપનિયાની સારવાર માટે થતી શસ્ત્રક્રિયાની તાલીમ શિબિરનું આયોજન